**કચ્છીપુરા ગામની સીમમાં કેમીકલયુક્ત પાણી પીવાથી ઊંટના મોત**

* ૧૫/૩/૪૫૮ શ્રી ગુલાબસિંહ ચૌહાણ (લુણાવાડા): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જવાબ આપવા કૃપા કરશો.**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | મે – ૨૦૨૩માં ભરૂચ જીલ્લાના વાગરા તાલુકામાં ચાંચવેલ ગામ નજીક આવેલા કચ્છીપુરા ગામની સીમમાં કેમીકલયુક્ત પાણી પીવાથી કેટલા ઊંટના મોત થયા, | (૧) | મે–૨૦૨૩માં ભરૂચ જીલ્લાના વાગરા તાલુકામાં ચાંચવેલ ગામ નજીક કચ્છીપુરા ગામની સીમમાં ઉંટોના મોત કેમીકલ યુક્ત પાણીથી થયા હતા તે હજુ સુધી ફલિત થયેલ નથી.<br>આ ગામની સીમમાં ૩૦ ઊંટોના મોત થયા હતા. |
| (૨) | તે અન્વયે તા.૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતીએ કયા જવાબદારો સામે શા પગલાં લીધાં, અને | (૨) | મે–૨૦૨૩માં ભરૂચ જીલ્લાના વાગરા તાલુકામાં ચાંચવેલ ગામ નજીક કચ્છીપુરા ગામની સીમમાં ઉંટોના મોત કેમીકલ યુક્ત પાણીથી થયા હતા તે હજુ સુધી ફલિત થયેલ નથી.<br>ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા તા–૨૩/૦૫/૨૦૨૩ના રોજ પર્યાવરણ સુરક્ષા અધિનિયમ – ૧૯૮૬ કલમ – ૫ હેઠળ મે.ઓ.એન.જી.સી, જી.જી.એસ – ૧. ગાંધાર એકમને આદેશો (ડાયરેક્શન્સ) પાઠવવામાં આવેલ. તદ્ઉપરાંત, રૂ.૫૦ લાખ વચગાળાના પર્યાવરણ નુકશાન પેટે ભરાવેલ છે. |
| (૩) | ઊંટ માટે પીવાના પાણીની કોઇ વ્યવસ્થા કરવામાં આવે છે કે કેમ ? | (૩) | ઊંટો માટે પીવાના પાણીની અલાયદી વ્યવસ્થા કરવામાં આવતી નથી. |

..........................................................................................................................